છોકરડાઓ ચેતી જજો: છેલ્લા એક મહિનામાં 3498 બાઈક ડિટેઈન કરી 17.60 લાખનો દંડ વસૂલાયો

ધૂમ સ્ટાઈલમાં બાઈક હાંકનારાની 'હવા' કાઢી નાંખતી 'ખાખી'

મોડીફાઈ સાઈલેન્સરને લઈને ઘોંઘાટના કારણે વોઈસ પોલ્યુશન કરનારાઓ સામે કાર્યવાહી

(તસવીર : સતીષ જાદવ)

સુરતઃ શહેરના પોશ વિસ્તારોમાં સ્પોર્ટ્સ બાઈકને મોડીફાઈ કરીને ધૂમ સ્ટાઈલમાં બાઈક હંકારી સ્ટંટ કરનાર નબીરાઓ સામે પોલીસે લાલ આંખ કરી છે. પોલીસ ડીસીપી ઝોન-4 માં આવતા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં છેલ્લા એક મહિનામાં શહેરમાં કુલ 3,498 વાહનોને ડિટેઈન કરી કુલ 17.60 લાખનો દંડ વસૂલ કરાયો છે.

સુરતમાં છેલ્લા કેટલાક સમયથી સ્પોર્ટ્સ બાઈક મોડીફાઈ કરવાનું ઘેલું લાગ્યું છે. શહેરના રસ્તાઓ ઉપર ઓવર સ્પીડમાં બાઈક ચલાવતા તથા ઘોંઘાટ કરતા મોડીફાઈ સાઈલેન્સર વાળા વાહનો લોકોના માથાનો દુઃખાવો બન્યા છે. આવા લોકો સામે કાર્યવાહી કરવા નવા પોલીસ કમિશનરે સૂચના આપી હતી. જેને લઈને એક સ્પેશિયલ ડ્રાઈવ ઝોન-4 માં આવતા ઉમરા, પાંડેસરા, અઠવા, ખટોદરા, વેસુ અને અલથાણ પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં યોજાઈ હતી. ઝોન-4 ડીસીપી વિજય ગુજ્જર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી અંગે માહિતી આપવામાં આવી હતી. જેમાં તેમને છેલ્લા એક મહિનામાં કુલ 3,498 વાહનો ડિટેઈન કરી તેમની પાસેથી 17.60 લાખનો દંડ વસૂલ્યાનું જણાવ્યું હતું. આ સિવાય જે મોડીફાઈ અને ઘોંઘાટ કરતા વાહનોને આરટીઓ ચલણ આપ્યા અને તે ભરી દીધા હોય તેવી બાઈક છોડી દેવાય છે. વધુમાં તેમને જણાવ્યું હતું કે, શહેરમાં સ્ટંટ કરતા બાઈક ચાલકો અને મોડીફાઈ બાઈકોની સામે કડક કાર્યવાહી કરાશે. હાલમાં ઘણી સાઈલેન્સર કાઢેલી ગાડીઓ ઉમરા પોલીસ સ્ટેશનમાં મૂકવામાં આવી છે.

આ બાઈક્સમાંથી 125 ડેસિબલ જેટલો અવાજ આવતો હતો

ડીસીપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, જે બાઈકમાં ખાસ કરીને સાઈલેન્સર મોડીફાઈ કરવામાં આવે છે, તેમાં 125 ડેસીબલ જેટલો અવાજ આવતો હોવાનું નોંધાયું હતું. જેને કારણે ખૂબ મોટા પ્રમાણમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાતું હતું. ડિટેઈન થયેલી બાઈક્સની સાથે આરટીઓને પણ આ સમગ્ર વિગતો અંગે જાણકારી આપવામાં આવી છે.

યુવાનો દ્વારા સૌથી વધારે બુલેટના સાઈલેન્સરને મોડીફાઈ કરાવવામાં આવ્યાં હતાં

એક મહિના દરમિયાન છ પોલીસ સ્ટેશનની અંદર 3,498 જેટલા વાહનો કબ્જે કરવામાં આવ્યા હતા. જેમાં મોટાભાગે બુલેટ વધુ આવ્યાં છે. આ તમામ બુલેટમાં સાઇલેન્સર મોડીફાઇ કરવામાં આવ્યા હતા. ઘોંઘાટ ફેલાવતા આ તમામ બુલેટ કબ્જે કરવામાં આવ્યા છે.

કાપોદ્રામાં કિશોરીની છેડતી કરનારા યુવકને પોલીસે પાંજરે પૂર્યો

સુરતઃ કાપોદ્રા ખાતે રહેતી અને નોકરી કરતી 17 વર્ષીય કિશોરીનો છેલ્લા પંદર દિવસથી વિશાલ નામનો યુવક પીછો કરતો હતો. વિશાલ ઓફિસ સુધી પહોંચી જઈ છેડતી કરતા કિશોરીએ આ અંગે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ કાપોદ્રા પોલીસે કાપોદ્રા લક્ષ્મણ નગર સોસાયટી શેરી નંબર 9માં રહેતા વિશાલ પ્રજાપતિ (ઉ.વ.20, કામ છૂટક મજુરી) સામે છેડતીનો ગુનો દાખલ કર્યો છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ કાપોદ્રા વિસ્તારમાં જ રહેતી એક યુવતી પોતાના પરિવારને આર્થિક મદદ કરવા માટે નોકરી કરે છે. છેલ્લા 15 દિવસથી વિશાલ પ્રજાપતિ કિશોરીનો પીછો કરતો હતો. કિશોરીએ તેને પીછો કરવાની ના પાડી હોવા છતાં પણ વિશાલ દરરોજ તેનો પીછો કરતો હતો અને કિશોરી કામ કરતી હતી તે જગ્યા પર પહોંચી ગયો હતો.

ત્યાં પણ તેને છેલ્લા 15 દિવસથી હેરાન પરેશાન કરતા આખરે કિશોરી કંટાળી ગઈ હતી અને ઘરે આવી પરિવારજનોને હકીકત જણાવી હતી. આખરે પરિવાર સાથે વાત કરતા બાદમાં કિશોરીના માતા-પિતાએ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે છેડતીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની ધરપકડ કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

'ઓટિઝમ અવેરનેશ માહ' નિમિત્તે સુરત પીડિયાટ્રિક રિહબ્ ગ્રુપ દ્વારા ઉજવણી

સુરતઃ સુરત પીડિયાટ્રિક રિહબ્ ગ્રુપ દ્વારા ઓટિઝમ (બાળકોમાં દેખાતી સ્વલિનતા) એવેરનેશ માહની ઊજવણીના ભાગરૂપે તા. 26મી એપ્રિલને શુક્રવારના રોજ સ્પેશિયલ ચાઈલ્ડને પ્રોત્સાહિત કરવા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. નાનપુરા, જીવનભારતી હોલ ખાતે સાંજના 5થી 7 દરમ્યાન યોજાનાર આ કાર્યક્રમમાં ઓટિઝમની સમસ્યા સામે ઝઝુમતા બાળકોના કાર્યોની પ્રશંસા અને તેના સ્વીકારની દિશામાં સમજણ આપવામાં આવશે, તથા આ બિમારી વિશે પરિવારોને અવગત કરી ઓટિઝીમ પ્રત્યે જાગૃતિ લાવવાનો સામાજિક પ્રયાસ ગ્રુપના સભ્યો દ્વારા કરાશે.

પ્રજાપતિ સમાજને એક કરવા માટે વેબસાઈટ બનાવવામાં આવી

સુરતઃ પ્રજાપતિ સમાજને એક કરવા માટેના ઉદ્દેશથી પ્રજાપતિ સમાજની પોતાની સોશિયલ મીડિયા વેબસાઈટ samajbook.co.in શરૂ કરવામાં આવી છે. જે ફક્ત સોશિયલ મીડિયા જ નહીં સાથે matrimonial (લગ્ન સંબંધી) પણ વ્યવસ્થા છે. પ્રજાપતિ સમાજ આ વેબસાઈટ પર જઈને પોતાનું પ્રોફાઈલ બનાવી અને પોતાને રજીસ્ટર કરે, સમગ્ર પ્રજાપતિ સમાજને આગળ લાવવામાં મદદ કરે, ટૂંક સમયમાં આની એપ પણ લોન્ચ થવા જઈ રહી છે, જે play store ઉપર અવેલેબલ થશે તેમ એક યાદીમાં જણાવાયું છે.

યુવાશક્તિ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ મોટિવેશનલ સેમિનાર યોજાયો

સુરતઃ યુવાશક્તિ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બુધવારે મોટિવેશનલ સ્પીકર પારસ પાંદીના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પારસ પાંદીએ લોકોને પોતાના વક્તવ્યથી જીવન જીવવાની સાચી કળા શીખવી હતી. યુવાશક્તિ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટના જણાવ્યા મુજબ જરૂરિયાતમંદ લોકોની સેવાના ધ્યેય સાથે ૧૭ વર્ષ પહેલાં યુવાશક્તિ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી અત્યાર સુધી દાતાઓના સહયોગથી સેવાયજ્ઞ અવિરત ચાલી રહ્યો છે. ગ્રુપ દ્વારા જરૂરિયાતમંદોને મેડિકલ સહાય, વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદ કરવી, વિધવા બહેનોને પગભર બનાવવા અને ગરીબ જરૂરિયાતમંદોને અનાજ-કરિયાણાની કિટનું વિતરણ કરવામાં આવે છે. સાથે જ લોકો જીવનના સાચા માર્ગ પર આગળ વધે એ માટે પણ વિવિધ કાર્યક્રમોનું વર્ષ દરમિયાન આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ત્રણ હજારથી વધુ લોકોએ ભાગ લીધો હતો.

કિલ્લા ખાતે આર્ટ ગેલેરીમાં એસ્ટ્રોફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન યોજાશે

સુરત : તા.૨૫/૦૪/૨૦૨૪ થી તા.૦૪/૦૫/૨૦૨૪ના રોજ કિલ્લા ખાતે આવેલી આર્ટ ગેલેરીમાં એસ્ટ્રોફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. સદર પ્રદર્શનમાં ફોટોગ્રાફર દ્વારા એસ્ટ્રોનોમી વિષય અંતર્ગત આકાશગંગા, તારા સહ રાત્રિ આકાશ, સ્ટાર ટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે. જાહેર જનતા માટે તા. ૨૫થી ૦૪ એપ્રિલ ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ થી ૬:૩૦ પ્રદર્શન ખુલ્લુ રહેશે તેમજ તા. ૨૯ એપ્રિલના રોજ સોમવારે કિલ્લો તથા પ્રદર્શન બંધ રહશે.

ડિંડોલીના આધેડને નવાગામ બ્રિજ પાસે ટ્રકે અડફેટે લેતાં મોત

સુરતઃ નોકરી પરથી ઘરે જતા ડિંડોલીના આધેડને ટ્રક ચાલકે અડફેટે લેતાં મોત નિપજ્યું હતું. નવીસિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ નવાગામ ડિંડોલીમાં આવેલા લક્ષ્મી નગરમાં કિશોર શાંતારામ મહાજન (ઉ.વ.50 વર્ષ) પરિવાર સાથે રહેતો હતો. કિશોર પાંડેસરા ખાતે આવેલી કેમિકલ કંપનીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતો હતો. મંગળવારે રાત્રે 8 વાગ્યાના સુમારે કિશોર નોકરી પરથી બાઇક લઈને ઘરે આવી રહ્યો હતો. તે દરમિયાન સાંઈ પોઇન્ટથી નવાગામ બ્રિજ ઉતરતી વખતે ટ્રક ચાલકે કિશોરની બાઈકને અડફેટે લીધી હતી. જેથી તેઓને ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજ્યું હતું.

સુરતના કાપડના વેપારીઓ સાથે 1.32 કરોડની ઠગાઈ કરનારા પૈકી મહાઠગ મેહુલ જાગાણી ઝડપાયો

વેપારીઓને લૂંટીને મુંબઈમાં 56 લાખનો ફ્લેટ લીધો, મુંબઈ-ગોવાની ડાન્સરો પર લાખો ઉડાવ્યા

મીરા રોડ ક્વિન્સ પાર્ક ખાતે આવેલી એ.આર. ઈન હોટલ ખાતેથી પકડાયા બાદ કબૂલાત

સુરતઃ સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં અલગ અલગ વેપારીઓ પાસેથી 1.32 કરોડનો કાપડનો માલ ખરીદી પેમેન્ટ નહી આપી છેતરપિંડી કરનાર આરોપીને ઈકોસેલની ટીમએ મુંબઈથી પકડી પાડ્યો છે. આરોપીએ ઠગાઈના પૈસાથી મુંબઈ મીરા રોડ પર 56 લાખનો ફ્લેટ ખરીદ્યો હતો. અને બાકીના પૈસા બારમાં ઉડાવ્યા હતા.

સુરત ટેક્ષટાઈલ માર્કેટમાં ભવ્ય ટેક્ષટાઈલના નામે કાપડનો વેપાર કરતા પ્રફુલભાઈ લક્ષ્મણભાઈ ભરોડીયાએ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ દાખલ કરાવી હતી. કાપડ દલાલ અશોકકુમાર તેજરાજ છાજેડ (જૈન) "નવકાર એજેન્સી"ના ઓનરએ, આશા એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટર મેહુલ પ્રવિણભાઈ જાગાણી, કાયરા ટ્રેડીંગના જીજ્ઞેશ દક્ષિણા, કલા ક્રિષ્નાના ચૈતાલીબેન વૈધ, ગ્લોબલ કોપોરેશનના અંકુશ મહેશ્વરી, રિલાએબલ એન્ટરપ્રાઈઝના રફિક યુસુફ પાયક, યુનિક ફેબ્રિક્સના ભાગીદારો રાહુલ જૈન, રાજન ચૌહાણ તથા વિનાયક કોર્પોરેશનના માલિક રાજનભાઈ, રામ ટેક્ષ ફેબના માલિક મેરા સંદિપ ઠાકરસી તથા રેયોન એન્ટરપ્રાઈઝના અમીત ઉમેશ શર્મા સાથે મળી કાવતરૂ રચ્યું હતું.

પ્રથમ વિશ્વાસ સંપાદન કરી બાદમાં માર્કેટમાંથી વેપારીઓ પાસેથી મોટા પ્રમાણમાં કાપડનો માલ ખરીદી કર્યો હતો. જેમાં પ્રફુલભાઈ સહિતના વેપારીઓ પાસેથી મળી કુલ 1.15 કરોડના કાપડની ખરીદી કરી હતી. અને તેનું પેમેન્ટ ચુકવ્યું નહોતું. આરોપી મેહુલ પ્રવિણભાઈ જાગાણી (રહે. ૧૦/૧૦૪, ઓસ્વાલ ઓર્ચિડ બિલ્ડીંગ, કાનકીયા રોડ, મીરા રોડ, ઈસ્ટ થાણે, મહારાષ્ટ્ર) લાંબા સમયથી નાસતો ફરતો હતો. ઈકોસેલની એક ટીમ 22 તારીખે થાણે મીરા રોડ ક્વિન્સ પાર્ક ખાતે એ.આર.ઈન હોટલ ખાતેથી આરોપીને પકડી પાડ્યો હતો. તેને પ્રફુલભાઈ પાસેથી તથા અન્ય વેપારીઓ પાસેથી કુલ 58.17 લાખનો માલ ખરીદ્યો હતો. આ સિવાય બીજા ગુનાના ફરિયાદીઓ પાસેથી કુલ 1.32 કરોડનો માલ ખરીદી ઠગાઈ કરી હતી. આરોપીએ આ નાણાંમાંથી મીરા રોડ ખાતે આવેલી "ઓસ્વાલ ઓર્ચિડ બિલ્ડીંગ"માં જાન્યુઆરી ૨૦૨૩માં 56 લાખનો ફ્લેટ ખરીદી કર્યો હતો.

ફ્લેટ પર 50 લાખની લોન લીધી હતી

પકડાયેલા આરોપીએ 56 લાખના ફ્લેટમાં 5 લાખ રૂપિયા ટોકન આપ્યું હતું. અને બોગસ કાગળના આધારે બાકીના 50 લાખની લોન લીધી હતી. બાદમાં લોનના હપ્તા પણ ભરતો નહોતો. અને પછી બેંકની લોનવાળો આ ફ્લેટ તેને 10 લાખમાં બીજે ગીરવે મુકી દીધો હતો.

ઠગ ગોવા અને મુંબઈના ડાન્સબારમાં નાણાં ઉડાવાતો અને હોટલમાં જ રહેતો હતો

આરોપીને તેના પરિવારે પણ ઘરમાંથી તગેડી મુક્યો હતો. તે છેલ્લા છ સાત મહિનાથી અલગ અલગ હોટલમાં જઈને રહેતો હતો. અને મોજશોખ કરતો હતો. તેને ઠગાઈના રૂપિયા ગોવા અને મુંબઈના અલગ અલગ ડાન્સબારમાં ઉડાવ્યા છે.

પરિવારે તેની સાથે સંબંધ કાપી નાંખ્યા હતા

આરોપીએ સુરત શહેરના અલગ અલગ કાપડના વેપારીઓ સાથે વેપાર શરૂ કરી તેમજ ખોટી પેઢીઓના નામે કાપડનો માલ મંગાવી ઠગાઈ કરી છે. તેની આ હરકતોથી તેનો પરિવાર પણ કંટાળી ગયો હતો. તેના માતા પિતા મુંબઈ મીરા રોડ પર જ રહે છે. અને તેની બે બહેનો ઓસ્માન ખાતે રહે છે. તેનાથી કંટાળી માતા પિતાએ પેપરમાં તેની સાથે કોઈ સંબંધ ન હોવાની જાહેરાત પણ આપી હતી.

ઝઘડો થયા બાદ પત્ની રિસાઈને જતી રહેતાં યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી

સુરતઃ ચોક બજાર વિસ્તારમાં રહેતા દંપતિ વચ્ચે ઝગડો થયા બાદ પત્ની રિસાઈને જતી રહેતા યુવકે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મૂળ વારાણસીના વતની અને હાલ ચોક બજાર પાસે આવેલી પંતની કોલોનીમાં મોહમ્મદ સલીમ જમીલ અંસારી (ઉં.વ.28) પત્ની સાથે રહેતો હતો. મોહમ્મદ સલીમ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. મંગળવારે રાત્રે મોહમ્મદ સલીમનો તેની પત્ની સાથે ઝગડો થયો હતો. જેથી તેની પત્ની ઘરેથી મોબાઈલ લીધા વગર ક્યાંક ચાલી ગઈ હતી. મધરાત સુધી તે ઘરે પરત નહીં આવતા તણાવમાં આવીને મોહમ્મદ સલીમે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મોહમ્મદ સલીમના 9 મહિના પહેલા લગ્ન થયા હતા. શહેરમાં સતત વધી રહેલા આપઘાતના બનાવો સમાજ માટે ખરેખર ચિંતાજનક નિશાની છે.

સુરત લોકસભા બેઠક બિનહરીફ થતાં હવે સૌરાષ્ટ્રવાસી નેતાઓને રાજકોટ, ભાવનગર, અમરેલી મોકલાશે

સુરતવાસી પાટીદાર અને ક્ષત્રિય આગેવાનો પોતપોતાના વતનમાં જઇ ખાટલા બેઠકો અને ગ્રુપ મીટિંગ કરી ભાજપની લીડ વધારવા કાર્યરત થશે

સુરત : સુરત લોકસભા બેઠક બિનહરીફ જાહેર કરવામાં આવી છે ત્યારે સુરતના સૌરાષ્ટ્રવાસી નેતાઓ અને કાર્યકરોને હવે તેના વતનમાં જવાબદારી સોંપાય તેવો એક્શન પ્લાન બની રહ્યો છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી અને ભાવનગરમાં ભાજપને પાંચ લાખની લીડ પાર કરવાનો અઘરો ટાસ્ક છે. જેના માટે એડીચોટીનું જોર લગાવાશે.

ખાસ કરીને રાજકોટ, ભાવનગર, અમરેલી જિલ્લામાં ક્ષત્રિય સમાજના રોષને કારણે જે સ્થિતિ ઊભી થઈ છે તે જોતા ભાજપના સંગઠનને ત્યાં ઉપયોગમાં લેવા માટે તૈયારીઓ થઈ રહી છે. જેમાં સુરત શહેરથી ક્ષત્રિયો અને પાટીદાર આગેવાનોની યાદી તૈયાર કરી સૌરાષ્ટ્રના અલગ અલગ લોકસભા બેઠક ઉપર વિધાનસભા પ્રમાણેની જવાબદારી સોંપવામાં તખ્તો તૈયાર કરી દેવામાં આવ્યો છે.

સુરતના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ જે જિલ્લામાંથી આવે છે તે જિલ્લાનું એક માળખું તૈયાર કરવામાં આવ્યું છે. જેને ધ્યાનમાં રાખીને જે તે લોકસભા બેઠકની જવાબદારી સોંપવાની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. સુરતમાં હવે રાજકીય રીતે કોઈ વધુ કામ નહીં હોવાને કારણે સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લાઓમાં કાર્યકર્તાઓની ફોજ ખડકી દેવામાં આવશે. ખાસ કરીને વરાછા અને કામરેજ વિધાનસભાના હોદ્દેદારો અને કાર્યકર્તાઓની પસંદગી કરવામાં આવી છે.

જૂની શરતો બતાવીને ક્લેઈમ નામંજૂર કરતી વીમા કંપનીને ગ્રાહક કોર્ટની ફટકાર

સુરતઃ જૂની શરતો બતાવીને ક્લેઈમ નામંજૂર કરતી વીમા કંપનીને ગ્રાહક કોર્ટની ફટકાર મળી છે. કોર્ટે ક્લેઈમની રકમ ચૂકવવા હુકમ કર્યો છે. કેસની વિગત એવી છે કે ફરિયાદી રાજેન્દ્ર ઉજમશી શાહે ધ ઓરિએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લિમિટેડ પાસેથી પોલિસી લીધી હતી. તે દરમિયાન ફરિયાદીએ ઘુંટણની સારવાર કરાવી હતી. તેની સારવારના ખર્ચનો ક્લેઈમ ફરિયાદીએ વીમા કંપનીમાં કર્યો હતો. વીમા કંપનીએ જૂની શરતોનું બહાનું બતાવીને ક્લેઈમ નામંજૂર કર્યા હતા. ફરિયાદીએ એડવોકેટ નરેશ નાવડિયા અને જીગ્નેશ હરિયાણી મારફત ગ્રાહક કોર્ટમાં ફરિયાદ કરી હતી. કેસ ચાલી ગયો હતો. ગ્રાહક કોર્ટે ક્લેઈમની રકમ 83024 રૂપિયા વ્યાજ સહિત ચૂકવી આપવા વીમા કંપનીને હુકમ કર્યો છે.

'કોર્ટ બિલ્ડિંગ જીયાવ-બુડિયામાં નહીં,' વકીલમંડળની કલેક્ટરને રજૂઆત

પ્રમુખ સહિતના હોદ્દેદારોએ જીયાવની ભૌગોલિક પરિસ્થિતિ, બફરઝોન સહિતના મુદ્દે કલેક્ટર સમક્ષ વિસ્તૃત રજૂઆત કરી

સુરતઃ જીયાવ-બુડિયામાં સૂચિત નવી કોર્ટ બિલ્ડિંગની જમીન બાબતે સુરતના વકીલો શરૂઆતથી જ વિરોધ કરી રહ્યા છે. ત્યારે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ સહિતના હોદ્દેદારોએ આજે કલેક્ટરને મળીને સંલગ્ન રજૂઆત કરી હતી. અઠવા લાઈન્સ રોડ પરની હાલની કોર્ટ બિલ્ડિંગ નાની પડે છે. તેથી મોટી જમીન પર નવી કોર્ટ બિલ્ડિંગ બનાવવામાં આવે, એવી લાગણી અને માંગણી વકીલોની હતી. દરમિયાન સરકારે જીયાવ-બુડિયામાં નવી કોર્ટ માટે જમીન ફાળવી દીધી છે, જો કે તેથી સુરતના વકીલોમાં ભારે રોષ છે. વકીલો જીયાવ-બુડિયા જવા માંગતા નથી. તે માટે વકીલ મંડળે કલેક્ટરથી લઈને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સહિતનાઓને રૂબરૂ મળીને રજૂઆત કરી ચૂક્યા છે. ત્યારે આજે વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ સહિતના હોદ્દેદારોએ કલેક્ટર ડો. સૌરભ પારધી મળીને જીયાવની જગ્યા બાબતે ભૌગોલિક પરિસ્થિતિ અને બફરઝોન બાબતની પુરાવાઓ સાથે લેખિતમાં રજૂઆત કરી હતી. કલેક્ટર ડો. સૌરભ પારધીએ હકારાત્મક અભિગમ દાખવીને સાથ-સહકાર આપવા તૈયારી બતાવી હતી.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda — ચલથાણ શાખા, દુકાન નં. ૧–૫, સાંઈવાટિકા,ન.હા.૪૮, ચોખ્ખી ઘાની હોટલની સામે,પલસાણા, જી. સુરત – ૩૯૪૩૦૫. ગુજરાત.ફોન નં.: ૦૨૬૨૨–૨૮૧૧૦૧ E-mail : vjchal@bankofbaroda.com

કબજા નોટીસ [ધારા ૧૩(૪)](સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

આથી નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (૨૦૦૨ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાના આધારે **તા. ૦૪/૦૫/૨૦૨૨** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રીમતી લતાબેન પુંજુભાઈ મિસ્ત્રી (દેવાદાર), અને શ્રી કૈલાસભાઈ વસંતભાઈ મિસ્ત્રી (સહ–દેવાદાર) અને શ્રી વિક્રમ શિવદાસ પાટીલ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ કુલ બાકી રકમ **રૂા. ૧૨,૨૧,૬૭૨/– (અંકે રૂા. બાર લાખ એકવીસ હજાર છસો બોત્તેર પુરા)** વ્યાજ સહિત આ નોટીસ પ્રાપ્તિની તારીખ થી ૬૦ દિવસની અંદર ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૪) ના રૂલ ૮ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર આ સંપત્તિનો સાંકેતિક કબજો તારીખ **૨૧મી એપ્રિલ સને ૨૦૨૪ ના રોજ સંભાળી લીધેલ છે.**

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશેતો તે બૅંક ઓફ બરોડા,ના **રૂા. ૧૨,૨૧,૬૭૨/–** વ્યાજ સહિત .

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી "શુકન રેસીડેન્સી"માં આવેલ પ્લોટ નં. ૪૦, (કેજેપી મુજબ) ૪૦સી, (પ્લાન મુજબ) જેનું માપ ૬૬.૯૧ સ્કે. મી., અને ૨૨.૦૮ સ્કે. મી. ટોટલ ૮૮.૯૯ સ્કે. મી. જમીન જે નોન એગ્રીકલ્ચરલ , બ્લોક નં. ૨૫૩ (બ્લોક નં. ૨૫૩, ૨૫૪, ૨૫૫) (રેવન્યુ સર્વે નં. ૨૨૧, ૨૨૨, ૨૨૩/૧) અનએ ધરેલી જમીન ગામ મોજે : સચાણી, સબ ડિસ્ટ્રીકટ : પલસાણા, જી. સુરત. જેની ચતુર્દિશા : ઉત્તરે : સોસાયટીનો આંતરિક રોડ, દક્ષિણે : પ્લોટ, પૂર્વે: પ્લોટ નં. ૩૯, પશ્ચિમે : પ્લોટ નં. ૪૧ આવેલ છે.

તા. : ૨૧/૦૪/૨૦૨૪ સ્થળ : ચલથાણ — **અધિકૃત અધિકારી,બૅંક ઓફ બરોડા, ચલથાણ બ્રાંચ, સુરત.**

બૅંક ઑફ બડૌદા Bank of Baroda — **ભેસ્તાન શાખા :** દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત–૩૯૫૦૨૩ ફોન : ૦૨૬૧–૨૮૯૦૧૩૮ અને ૨૮૯૫૩૭૬ Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૦૯.૦૨.૨૦૨૪** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર / જામીનદાર **શ્રી અનિલભાઈ રણછોડભાઈ ચૌહાણ(દેવાદાર) અને શ્રીમતી અરૂણાબેન અનિલભાઈ ચૌહાણ (સહદેવાદાર)** અને **શ્રી અમરનાથ વાસુદેવ શર્મા (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧,૨૮,૪૭૭.૦૮ (રૂા. એક લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો સત્યાંસી અને આઠ પૈસા પુરા)** વત્તા વધારાનું વ્યાજ અને અન્ય ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/જામીનદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તા.૨૩મી એપ્રીલ ૨૦૨૪** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશેતો તે બૅંક ઓફ બરોડા,ના **રૂા. ૧,૨૮,૪૭૭.૦૮/–** વત્તા તેના ઉપરનું વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જમીન જેનું કુલ માપ ૧૦૭૨.૫૦ ચો.ફુટ માં બંધાયેલ અંબિકા સોસાયટી નામના હાઉસીંગ એસ્ટેટ માં આવે